"પી.એમ.જે.એ.વાય.-મા" યોજના હેઠળ કોવિડ-૧૯ મહામારીના સમયગાળા દરમિયાન અનાથ બનેલા બાળકોને સહાય કરવા બાબત.

ગુજરાત સરકાર

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

ઠરાવ ક્રમાંક: એફપીડબલ્યુ-૧૦૨૦૨૧-૭૬૦ પા.ફા.-બ.૧

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૭/૦૮/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૩૦/૦૭/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક: એફપીડબલ્યુ-૧૦૨૦૨૧-૭૬૦-બ-૧.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૭/૦૭/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:જજઅ/૧૦૨૦૨૧/૨૧૮૭૦૨/છ.

(૩) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૮/૦૭/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦૨૦૨૧/૨૧૮૭૦૨(પાર્ટ-૨)/છ.

(૪) કમિશનરશ્રી(આરોગ્ય)ની તા.૧૦/૦૮/૨૦૨૧ની એસ.એફ.એસ.ફાઈલની દરખાસ્ત.

પ્રસ્તાવના:

રાજ્યમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૩૦/૦૭/૨૦૨૧ ના ઉક્ત સંદર્ભ-(૧)ના ઠરાવથી "પી.એમ.જે.એ.વાય.-મા" યોજના હેઠળ ૦ થી ૧૮ વર્ષ સુધીની વય જૂથના જે બાળકોના માતા-પિતા બંનેનું કોરોનાના સમયગાળા દરમિયાન અવસાન થયેલ હોય તેવા બાળકોને 'મુખ્ય મંત્રી બાળ સેવા યોજના' અંતર્ગત આવક મર્યાદાને ધ્યાને લીધા સિવાય "પી.એમ.જે.એ.વાય.- મા" યોજનાનો લાભ આપવાનું ઠરાવવામાં આવેલ છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૭/૦૭/૨૦૨૧ના ઉક્ત સંદર્ભ-(૨)ના ઠરાવથી આ યોજનાનો લાભ મેળવવાની પાત્રતાની ઉંમરમાં વધારો કરવામાં આવેલ છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૮/૦૭/૨૦૨૧ના ઉક્ત સંદર્ભ -(૩) ના ઠરાવથી 'મુખ્ય મંત્રી બાળ સેવા યોજના' નો વ્યાપ વધારી આ યોજનામાં કુટુંબના ૧૮ વર્ષથી નીચેની વય સુધીના બધા બાળકો કે જેમના માતા કે પિતા બે માંથી કોઈ પણ એક વાલીનું કોરોનાકાળમાં અવસાન થયુ હોય તેવા બાળકોને પણ યોજનાનો લાભ આપવાનું ઠરાવેલ છે. આ મુજબનો ઉમેરો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૩૦/૦૭/૨૦૨૧ ના સંદર્ભ-(૧)ના ઠરાવમાં કરવાની કમિશનરશ્રી(આરોગ્ય)ની સંદર્ભ-(૪) ની દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ:

આથી કાળજીપૂર્વકની વિચારણાના અંતે કોવિડ-૧૯ મહામારીના સમયગાળા દરમિયાન અનાથ બનેલા બાળકોને સહાયના ભાગરૂપે "પી.એમ.જે.એ.વાય.- મા" યોજનાનો વ્યાપ વધારી આ યોજના અંતર્ગત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૩૦/૦૭/૨૦૨૧ ના સંદર્ભ-(૧)ના ઠરાવમાં નીચે મુજબનો સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે:

લાભાર્થી કુટુંબની પાત્રતા:

અ) ૦ થી ૧૮ વર્ષ સુધીની વય જૂથના જે બાળકોના માતા અને પિતા બન્નેનું કોરોનાના સમયગાળા દરમિયાન અવસાન થયુ હોય તેવા બાળકો, કોરોનાના સમયગાળા અગાઉ જે બાળકના માતા/પિતા બન્નેનું અવસાન થયુ હોય તે બાળકના પાલક માતા/પિતા (Adoptive Parents) પણ જો આ કોરોનાના સમયગાળા દરમિયાન અવસાન પામ્યા હોય તો તેવા ફરીથી અનાથ બનેલ બાળકો, જે બાળકના એક વાલી(માતા કે પિતા) કોરોનાના સમયગાળા અગાઉ અવસાન પામેલા હોય અને બીજા વાલી (માતા કે પિતા) કોરોનાના સમયગાળા દરમિયાન અવસાન પામે તો તેવા કેસમાં નિરાધાર થયેલ બાળકોની નક્કી કરવામાં આવેલ વય મર્યાદા વધારીને આથી ૦ થી ૨૧ વર્ષ કરવામાં આવે છે.

બ) કુટુંબના ૧૮ વર્ષથી નીચેની વય સુધીના બધા બાળકો કે જેમના માતા કે પિતા બે માંથી કોઈ પણ એક વાલીનું કોરોનાકાળમાં અવસાન થયુ હોય તેવા બાળકોને પણ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

ઉક્ત પાત્રતા ધરાવતા બાળકોને "પી.એમ.જે.એ.વાય. - મા" યોજનાનો લાભ આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય મળવાપાત્ર થશે.

આ સિવાય આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૩૦/૦૭/૨૦૨૧ ના સંદર્ભ-(૧) ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૨/૦૮/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભરત ડામોર)
નાયબ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રી(આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી(આરોગ્ય), તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,(પ.ક./આરોગ્ય/ત.સે./ત.શિ.), કમિશનરશ્રી(આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આરોગ્ય), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર .
- અગ્ર સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સા.ન્યા. અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ ઉપસચિવશ્રી
- એકાઉન્ટન્ટ જનરલશ્રી: રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ /ગાંધીનગર.

<u>નકલ રવાના કમિશનરશ્રી(આરોગ્ય)ની કચેરી મારફત...</u>

- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ, આરોગ્ય અને તબીબી સેવાઓ
- જિલ્લા કલેક્ટરશ્રીઓ (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી (તમામ)
- સીસ્ટમ મેનેજરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ... વેબસાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે.
- સેકશન અધિકારીશ્રી, મ-શાખા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ - ૨૦૨૧